રખડતાં ઢોરોને નાથવા હોય તો મનપામે નિષ્ણાત પશુપાલકોને લાવવા જોઈએ, એમાં લશ્કરના જવાનોની શું જરૂર છે !

સ્કૂલ ઓફ એચિવર રાજયકક્ષાએ ટેકવોન ડોમાં મેળવેલ સિધ્ધિ

ગાંધીનગર, તા. ૨૭

શ્રી એસ.એસ. પટેલ એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સ્કુલ ઓફ એચિવર-કુડાસણના વિદ્યાર્થીઓએ મણીનગર, અમદાવાદ સેવન્થ ડેએડ સ્કુલ ખાતે યોજાયેલ રાજયકક્ષાની ટેકવોન ડો રમતમાં વિજેતા બની શાળાનું ગૌરવ વધાર્યું છે. દિપ મકવાણા (ધો.૭), ટીના અગ્રવાલ(ધો.૮), સિલ્વર મેડલ પ્રાપ્ત કરેલ છે. જયારે પટેલ લેન્સી(ધો.૭), પટેલ શ્રેયા(ધો.૮) અંગ્રજી માધ્યમના જાગનવી દંતાણી, વાઘેલા યજુર્વેન્દ્રસિંહ (ધો.૮), પાર્થ (ધો.૮), બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી શાળાનું નામ રોશન કરેલ છે. આ સ્પર્ધા ઓલ ગુજરાત એમેચ્યોર ટેકવોન ડો એસોસીએશન દ્વારા યોજાઈ હતી. શાળઆના વ્યાયામ શિક્ષક મેસરિયા પ્રજ્ઞેશભાઈએ માર્ગદર્શન આપ્યું હતું.

શાળાના આચાર્ય કે. એસ. પટેલ , રાની વેણુગોપાલ વગેરેએ અભિનંદન પાઠવેલ છે. વિજેતાઓ હવે કાનપુર ખાતે રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી પામ્યા છે.

મહર્ષિ અત્રિ માધ્યમિક શાળા બાળ વિભાગની વૉલીબૉલ સ્પર્ધામાં ચૅમ્પિયન

ગાંધીનગર, તા. ૨૭

મહર્ષિ અત્રિ માધ્યમિક શાળા પીંપળજના બાળ વિભાગની ટીમ વૉલીબૉલ સ્પર્ધામાં ચૅમ્પિયન બનેલ છે. શાળાનાં ટ્રસ્ટી શ્રી ભરતભાઈ હુમર, હર્ષદભાઈ પટેલ અને આચાર્યશ્રી ભરતસિંહ રાઠોડે અભિનંદન આપેલ છે.

ચૅમ્પિયન બનેલ ટીમના ખેલાડીઓની યાદી નીચે મુજબ છે. ઉત્તમ પટેલ, મયુર પટેલ, મિત પટેલ, હરદિપ જાદવ, ગૌરવ પટેલ, અવિનાશ બામણિયા, ઋત્વિક વેકરીયા, નિકુંજ વેગડ, ઓમ રામજીયાણી, ભાર્ગવ પટેલ, ઋષિક હુમરનો સમાવેશ થયેલ હતો.

ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજમાં વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા. ૨૭

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કૉલેજમાં કૉલેજીયન વિમેન્સ ડેવલપમેન્ટ સેલ દ્વારા વ્યાખ્યાન યોજાયું હતું. જેમાં વિદ્યાર્થીનીઓએ સ્વનિર્ભર અને સલામત રહેવા ધ્યાનમાં રાખવાની બાબતો પર વ્યાખ્યાન યોજાયું હતું. કાર્યક્રમની શરૂઆત રતનબેન દેસાઈ, આયેશા પરમાર અને જાનકી ચાવડાએ પ્રાર્થનાથી કરી હતી. આચાર્યશ્રી ઊર્મિલાબેન ચૌધરીએ સ્વાગત કર્યું હતું.

શ્રી ગૌરાંગ જાનીએ જણાવ્યું હતું કે સમાજનું અસ્તિત્વ બહેનોને કારણે છે. સમાજની બેવડી જવાબદારી ઉઠાવતી બહેનોએ ઘરેલું હિંસા, સામાજિક બદીઓ ફોન દ્વારા થતી સતામણી, જાતીય સતામણી વિવિધ પડયંત્રોનો ભોગ બહેનો બને છે. તે અંગેની તકેદારી કેવી રીતે રાખવી તે વિષે જાણકારી આપી હતી.

આભારવિધિ મિત્તલ વાળંદે કરી હતી. કાર્યક્રમનું આયોજન ડૉ. લીના સ્વાદિયા અને સોનલ મોદીએ કરેલ હતું. કાર્યક્રમનું સંચાલન મંત્રીશ્રી ચૌધરીએ કરેલું હતું.

આર.જી પટેલ કન્યા શાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૭

શ્રીમતી આર.જી. પટેલ કન્યા શાળા સેકટર-૨ ૩ તરફથી વૃક્ષારોપણ કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં વન વિભાગના એ.સી.એફ. મહેન્દ્રભાઈ પટેલ અને આર.એફ.ઓ. વી.ઠાકર ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ હેઠળ અમી દેસાઈએ વૃક્ષોના મહત્વ વિશે પોતાના વિચારો રજૂ કરેલ હતા. મીનાક્ષી પરમારે એક વૃક્ષ વાવજો સંદેશા વાળું ગીત રજૂ કરેલ હતું. ગોસ્વામી કિંજલ પ્રાસકો ધરાને કાવ્ય પઠન કર્યું હતું. શાળામાં ૩૫ વૃક્ષા રોપણ કરવામાં આવ્યા હતા. આચાર્યા સુધાબેન પટેલના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ યોજાયો હતો.

ભારત વિકાસ પરિષદનો ઈનામ વિતરણ સમારોહ તા.૨૮મી જુલાઈએ યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

ભારત વિકાસ પરિષદ અને કચ્છ કડવા પાટીદારનાં સંયુક્ત ઉપક્રમે પરિવારનાં બાળકો માટે ઈનામ વિતરણ કાર્યક્રમ તા. ૨૮મી જુલાઈનાં રોજ આંબેડકર હૉલ સાંજે રાખેલ છે. જેમાં નાના મોટા સભ્યોની ટેલેન્ટનો કાર્યક્રમ પણ છે. આ અંગે સંસ્થાના પ્રમુખ - મંત્રીશ્રીએ જાણ કરવા જણાવવામાં આવેલ છે.

પરિવારજનો માટે તા. ૨૫-૨૬મી ઓગસ્ટે રાજસ્થાનનો પ્રવાસ પણ ગોઠવેલ છે. મોના જોષી, મો. ૯૪૨૯૯૬૬૮૮૭ નો સંપર્ક સાધવા જણાવવામાં આવે છે.

જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય કબડ્ડી, ખોખો, વોલીબોલ, સાયકલીંગમાં વિજેતા

ગાંધીનગર તા. ૨૭

શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ખાતે તાલુકા કક્ષાની કબડ્ડી, ખોખો, અને વોલીબોલ સ્પર્ધાઓ યોજાઈ જેમાં શાળાની તમામ ટીમ પ્રથમ આવેલ છે. જે રાજયકક્ષાએ રમવા જશે. ઉપરાંત સાયકલીંગ સ્પર્ધામાં વિજેતા બહેનો મકવાણા જીલ(દ્વિતીય), સોલંકી કાજલ(તૃતીય) અન્ડર -૧૯માં દવે દેવાંશી પ્રથમ, ઠાકોર કિંજલ દ્વિતીય પટેલ અપેક્ષા તૃતીય રહેલ છે. આચાર્યા સંતોકબેન ચૌધરી માર્ગદર્શક મિનાક્ષીબેન સુતરિયા, લીલાબેન ચૌધરી, હેતલબેન દેસાઈએ વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

પારૂલબા ચાવડાને રાજપૂત સમાજ દ્વારા સન્માનિત કરાયાં

ગાંધીનગર, તા. ૨૭

શ્રી રાજપુત સમાજ ગાંધીનગર દ્વારા પારૂલબા શંભુજી ચાવડાને ધોરણ-૧૧ માં પ્રથમ નંબર આવવા બદલ સન્માન કરવામાં આવેલ હતું. પારૂલબા ચાવડા - સરસ્વતી હાયર સેકન્ડરી સાયન્સ સ્કૂલ રણેલામાં અભ્યાસ કરે છે. તેમનું વતન ગાંધીનગર જિલ્લાનાં માણસા તાલુકાનું હરણાહોડા ગામ છે. સમગ્ર રાજપૂત સમાજે અભિનંદન પાઠવેલ હતા.

ચૌધરી મહિલા અધ્યાપન કોલેજ દ્વારા ઈન્ટર્નલશીપ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૭

ચૌધરી મહિલા પીટીસી કોલેજ દ્વારા સરકારી પ્રાથમિક શાળા, સેકટર-૮ અને સેકટર-૨માં બીજા વર્ષની તાલીમાર્થીઓને ઈન્ટર્નલશીપ કાર્યક્રમ યોજાયો છે.

દસ દિવસના કાર્યક્રમમાં તાલીમાર્થીઓ બાળ ગીત, અભિનય ગીત, નાટક, રમતોત્સવ, વર્ગ સુશોભન, સફાઈ સ્પર્ધાનો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાનાર છે. બાળકોને આનંદપ્રદ પ્રવૃત્તિથી ખુશ છે.

પ્રેરણા વિદ્યાલયમાં લોકશાહી ઢબે વિદ્યાર્થીઓની ચૂંટણી યોજાઈ

ગાંધીનગર તા. ૨૭

ગાંધીનગર સેકટર-૫માં પ્રેરણા વિદ્યાલયમાં વિદ્યાર્થી સંસદ માટેની ચૂંટણી લોકશાહી ઢબે યોજાઈ હતી. ચૂંટણી કમિશ્નર કુ. પ્રિયંકા શિકારી અને પીનલ મહેતાની નિમણુંક કરવામાં આવી હતી. ઉમેદવારી પત્રક ભરવાની ચકાસણી, પાછા ખેંચવાની વિશેની સંપૂર્ણ માહિતી આપી હતી.

ત્યારબાદ પ્રચાર માટે પ્રચાર બંધ કરવા સુધીની માહિતીગાર કરેલ હતા.

ચૂંટણી યોજાતાં વર્ગ પ્રતિનિધિ ચૂંટાયા હતા. ધોરણ -૮માં રાવત રાહુલ, ખીટોલીયા વૈશાલી, ધોરણ-૯માં દેશપાંડે અભિષેક, ચૌહાણ ભૂમિ, ધોરણ- ૧૦માં નિનામા દિપેન્દ્ર ચૌહાણ, ક્રિષ્ના, ધોરણ-૧૧ (આર્ટસ) ઉનેવાબ કુલદિપ, શ્રીમાળી સ્વેમિયા, ધોરણ-૧૧ (કોમર્સ) ચાવડા દિગવિજય, નિનામા દર્શના વિજેતા બન્યા હતા.

વર્ગ પ્રતિનિધિની ચૂંટણી બાદ વિજેતા પ્રતિનિધિમાંથી જી.એસ.એલ.આર. માટેની ચૂંટણી થઈ હતી. જેમાં જી.એસ. તરીકે સાકરિયા આશિષ એલ.આર. તરીકે દર્શના નિનામા ચૂંટાયેલા. પ્રતિનિધિઓને અલગ સમીતિઓ સોપી હતી.

જ્ઞાનદીપ હાઈસ્કૂલ ચાંદખેડા અન્ડર-૧૪ ફૂટબૉલમાં ચૅમ્પિયન

ગાંધીનગર, તા. ૨૭

શાળાકીય રમતોત્સવ ૨૦૧૨-૧૩ માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલ ગાંધીનગરમાં યોજાયો હતો. આ સ્પર્ધામાં જ્ઞાનદીપ હિન્દી હાઈસ્કૂલ ઓ.એન.જી.સી. કોલોની ચાંદખેડાની ટીમ ચૅમ્પિયન બની હતી. શાળા ૪-૩ થી જીતીને પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. દરેક ખેલાડીઓને શાળાનાં ટ્રસ્ટીશ્રી ધર્મરાજ ઉપાધ્યાય આચાર્યશ્રી એ.એસ. પાંડેય, શાળાના સમગ્ર પરિવારે અભિનંદન પાઠવેલ છે. ટીમોમાં કોચ તરીકે શ્રી સતીષ પાંડેય અને વ્યાયામ શિક્ષક શ્રી ભરતભાઈ પટેલે માર્ગદર્શન આપેલ હતું.

પરમાનંદ ઈન્સ્ટીટયૂટ દ્વારા ૨૯મીએ ધ્યાન-યોગ ચિકિત્સા શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૨૭

પરમાનંદ ઈન્સ્ટીટયૂટ ઓફ યોગ એન્ડ રીસર્ચ દ્વારા તા. ૨૯મી જુલાઈ ૨૦૧૨ ને રવિવારે સવારે ૮ થી ૧૧ કલાકે બલરામ ભવન ખાતે ચિદ્દશકિત ધ્યાન-યોગ ચિકિત્સા શિબિર યોજાશે.

ઈન્દોરના પરમાનંદ ઈન્સ્ટીટયૂટ ઓફ યોગ એન્ડ રીસર્ચના આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત ડૉ. ઓમાનંદજી દ્વારા બલરામ ભવન, સેકટર-૧૨, કલેકટર ઓફિસની સામે, ગાંધીનગર ખાતે તા. ૨૯મી જુલાઈ ૨૦૧૨ ને રવિવારે સવારે ૮ થી ૧૧ કલાક દરમિયાન ચિદ્દશકિત ધ્યાન-યોગ ચિકિત્સા શિબિર યોજાશે. ચિદ્દશકિત પ્રક્રિયા વડે માનસિક, બૌદ્ધિક અને આધ્યાત્મિક લાભ તથા તમામ રોગોમાંથી મુકિત મેળવી શકાય છે. આ ચિકિત્સાથી તનાવ, ટેન્શન, ડિપ્રેશન, બ્લડપ્રેશર, વધુ વજન, પાચનતંત્રની તલીફો તથા અસાધ્ય રોગોમાં લાભ મળે છે. તો નગરજનોને આ નિઃશુલ્ક ધ્યાન યોગ ચિકિત્સા શિબિરનો લાભ લેવા જણાવાયું છે.

ગાંધીનગર ટાઉનહોલ ખાતે સંગીતની સુરાવલિ 'તને વરસાદ ભીંજવે'

ગાંધીનગર, તા. ૨૭

રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગની ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરના ઉપક્રમે તા. ૩૧-૭-૨૦૧૨ના રોજ રાત્રે ૯.૧૫ કલાકે શ્રી કલ્યાણી કૌઠાળકર, પ્રહર વોરા, હસમુખ પાટડીયા દ્વારા સંગીતની સુરાવલિ 'તને વરસાદ ભીંજવે' ટાઉન હોલ, ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ છે. કાર્યક્રમનું સંચાલન માર્ગી હાથી સંભાળશે.

આ કાર્યક્રમમાં પધારવા કલા પ્રેમીઓને જાહેર નિમંત્રણ છે. કાર્યક્રમના નિમંત્રણ કાર્ડ બપોરે ૩.૩૦ કલાક પછી અકાદમીના કાર્યાલય ખાતેથી મેળવી શકાશે.

સ્કેટીંગમાં સિલ્વર મેડલ મેળવતો ચિ. અર્થ શાહ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરની સ્કૂલ ઓફ એચિવર ખાતે તાજેતરમાં ક્રિષ્ના એકેડમી ઓફ એસ્થેટિક અને સંસ્થા પરિવારના સંયુક્ત ઉપક્રમે રોલર સ્ટેકીંગ ચેમ્પિયનશીપ યોજાઈ હતી. જેમાં ગાંધીનગર વૈષ્ણવ સમાજના પ્રમુખ ડી.એફ. શાહનો પૌત્ર ચિ. અર્થ તુષાર શાહે ઉત્કૃષ્ટ દેખાવ કરી દ્વિતીય ક્રમ સાથે સિલ્વર મેડલ તેમજ ટ્રોફી મેળવી વૈષ્ણવ સમાજનું ગૌરવ વધાર્યું હતું.

રોલર સ્કેટીંગ ચેમ્પિયનશીપમાં વિવિધ શાળાના જુદા જુદા વયજૂથના ૩૭૫ ખેલાડી સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં સ્કૂલ ઓફ એચીવરના ચિ. અર્થ તુષાર શાહે સિલ્વર મેડલ સાથે દ્વિતીય ક્રમ હાંસલ કર્યો હતો. સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી પ્રજ્ઞેશભાઈ પટેલના વરદહસ્તે મેડલ તેમજ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.

શિવતત્વ એટલે ઈશ્વરતત્વ તે જ પરમાત્માનું મૂળ સ્વરૂપ છે

શિવમહિમ્ન સ્તોત્રનાં છઠ્ઠા શ્લોકની વિસ્તૃત સમજ આપતાં પૂ. ગુરૂમાએ જણાવ્યું કે અજ્ઞાની મનુષ્યો ઈશ્વરને સ્વીકારતા નથી તે અંગે પુષ્પદંતજી મહારાજ અહીં સુંદર વર્ણન કરે છે. આ પૃથ્વી અને તેના પદાર્થો અવયવવાળા અને નાશવંત છે, તેની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ થાય છે. શું જગત અને જીવોના જન્મ વચ્ચે ઈશ્વર વિના થઈ શકે? જીવ પાસે તો તેનાં સર્જન વગેરે માટે કોઈ સામગ્રી નથી, કે સામર્થ્ય પણ નથી. આ બાબત બહુ સ્પષ્ટ હોવા છતાં મંદ બુધ્ધિવાળા મનુષ્યો આપના વિષયમાં સંશયાત્મા બની રહે છે.

ચૈતન્ય બે પ્રકારે છે. (૧) ઈશ્વર અને (૨) જીવ. આપણે જાણીએ છીએ કે આ જગતમાં પંચમહાભૂતો અને તેનાથી ઉત્પન્ન થયેલ જીવો તથા પદાર્થો આ બધાની એક સુઆયોજિત રચના છે. અગાઉ સમજાવ્યું તેમ સૃષ્ટિ અને આ શરીર બંનેની અદ્‌ભૂત રચના છે. આપણે ખોરાત તરીકે લઈએ છીએ તે પચીને લોહી બની મને પોષણ આપે છે. આ કઈ રીતે બન્યું? મનુષ્ય હજુ સુધી લોહીનું એક બુંદ કે રેતીનો એક કણ પણ જાતે બનાવી શક્યો નથી. આંબા અને લીંબુનાં છોડને સરખી જમીન અને સરખું ખાતર નાખવા છતાં બંનેમાંથી ઉત્પન્ન થનાર ફળ તદ્દન ભિન્ન બને છે. આવું કંઈ રીતે શક્ય બન્યું ? મૂળ તત્વની ઉત્પત્તિ ઈશ્વર સિવાય કોઈ ન કરી શકે, અને કયારેક થશે નહિ. ઈશ્વરે બનાવેલ તત્વને જે સુઆયોજન છે તે મનુષ્યે બનાવેલ વસ્તુમાં નથી.

આપણા શરીરની જે સુંદર રચના કરી છે. તેમાં મનુષ્ય જ બગાડ કરીને, અયોગ્ય રીતે વાપરીને તેમાં રોગ પેદા કરે છે. વિજ્ઞાન એક શક્તિનું બીજી શક્તિમાં રૂપાંતર કરી શકે છે પરંતુ નવી શક્તિ ઉત્પન્ન કરી શકતું નથી. વળી, જગતની ઉત્પત્તિ માટેનું જ્ઞાન પણ જોઈએ. સર્વ નિયમો ઈશ્વરે બનાવેલ અને તેને રૂપ કાર્યો અચૂકપણે થાય છે. કોઈ ફૂલ ઉગે તેનો રંગ કે રૂપ કેવો હશે તે ઈશ્વરના નિયમથી નક્કી જ છે. જીવ અનેક પ્રયત્નો કરે છે, પરંતુ મૂળરૂપે તેમાં પરિવર્તન કરી શક્યો નથી. આમ, આ સૃષ્ટિ, તેનાં પદાર્થો અને જીવો ઈશ્વરનિર્મિત છે, તેનાં જ બનાવેલાં નિયમોને આધિન સૃષ્ટિચક્ર રહ્યું છે. એ બાબત ખૂબ જ સ્પષ્ટ છે. પળે પળે જે થઈ રહ્યું છે તે ઈશ્વરની જ ઈચ્છાથી, તેની જ હાજરીમાં અને તેની જ શક્તિથી થઈ રહ્યું છે. હું જે કાંઈ કરું છું તેની નોંધ સર્વજ્ઞ ઈશ્વર લે છે જ, અને તેને અનુરૂપ કર્મફળ પણ મને મળે છે.

પૂજ્ય ગુરૂમાએ આ વિષયનો ઉપસંહાર કરતાં જણાવ્યું કે, આમ સમગ્ર સૃષ્ટિચક્ર ઈશ્વરનાં નિયંત્રણમાં ચાલી રહ્યું છે, અને કર્મો પણ તેના આદેશથી જ થઈ રહ્યા છે, છતાં મનુષ્ય "હું કરું, હું કરું" ના અહંકારને છોડી શકતો નથી. માટે પુરૂષાર્થ અવશ્ય કરવાનો છે, પરંતુ સૃષ્ટિચક્રના એક ભાગરૂપે મારો રોલ ભજવીને તેમાં આનંદ માણસો જોઈએ, અભિમાન કરવું ન જોઈએ.

સાતમા શ્લોકમાં ઈશ્વર પ્રાપ્તિ માટે અનેક માર્ગો, સંપ્રદાયો છે, તેનું નિરૂપણ શ્રી પુષ્પદંતજી મહારાજે કર્યું છે. સાંખ્ય, યોગ, પાશુપતશાસ્ત્ર આ બધાનો ઉલ્લેખ કરીને શૈવ, વૈષ્ણવ, ન્યાય, વૈશેષિક, જૈન, બૌધ્ધ આ બધા પ્રભુપ્રાપ્તિનાં અલગ માર્ગો છે, પરંતુ અંતે બધા એક જ શિવજીને પામે છે, તેનું નિરૂપણ કરેલ છે.

શિવતત્વને સમજાવતાં પૂ. ગુરૂમાએ જણાવ્યું છે. શિવતત્વ એટલે ઈશ્વરતત્વ. તે જ પરમાત્માનું મૂળ સ્વરૂપ છે. દરેક વ્યક્તિ જીવનમાં પ્રવૃત્તિ આ સુખ માટે જ કરે છે. લગ્ન પણ સુખ માટે થાય છે, છૂટાછેડા પણ સુખ માટે જ થાય છે. "આત્મનસ્તુ કામાય સર્વ પ્રિયં ભવતિ." મનુષ્યની ત્રણ અપેક્ષાઓ છે. (૧) મૃત્યુથી છૂટવું, (૨) અજ્ઞાન દૂર કરવું અને (૩) દુઃખથી દૂર રહેવું. આમ, બધા સત, ચિત અને આનંદને જ ઝંખે છે, જે શિવતત્વનું જ સ્વરૂપ છે, પરંતુ મને મારા આ સાચા સ્વરૂપનું જ્ઞાન ન હોવાથી કોને પ્રાપ્ત કરવા હું બહાર દોડાદોડી કરું છું? પરંતુ જે મારૂં જ સ્વરૂપ હોય તે મારાથી દૂર ન હોઈ શકે; તે હું જ છું. આથી જ કહ્યું છે કે "જે ગોતે તે પોતે."

પ્રભુને પામવાના માર્ગો આટલા બધા થયા તે સમજાવતાં ગુરૂમાએ જણાવ્યું કે હું જ શિવ છું તે મને સમજાતું નથી. આથી તેને પામવા હું મારી રૂચિ અને રસને અનુરૂપ રસ્તે જાઉં છું. આથી જ પ્રભુની માર્ગો અનેક છે, પરંતુ ગંતવ્ય એક જ છે, જે છે પરમપિતા શિવ.

ઉમા આર્ટસ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજમાં વર્કશૉપ યોજાયો

ગાંધીનગર, તા. ૨૭

ઉમા આર્ટસ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજની વિદ્યાર્થીઓ માટે યુ.જી.સી.ની આર્થિક સહાયથી અમદાવાદમાં, અમદાવાદ મેનેજમેન્ટ અસોસીયેશનનાં જુદા જુદા વિષયના ૪૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં કોર્પોરેટ ટ્રેઈનર એન્ડ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ શ્રી હીરેન વકીલ દ્વારા જુદા જુદા મોડ્યુલ્સ દ્વારા ટ્રેનિંગ આપવામાં આવી. જેમાં મુખ્યત્વે હકારાત્મક અભિગમ, સ્વવિકાસ, માઈન્ડ પાવર અને ટાઈમ મેનેજમેન્ટ વિષયોને આવરી લીધા હતા.

વ્યસનમુક્તિ અભિયાનની હરતી ફરતી પ્રયોગશાળા એટલે સુધાબહેન ધનેશા

આગવો માણસ - આપણો માણસ
- કિશોર જીકાદરા

"મને ઓળખ્યો બેન?" રીક્ષા ચાલકે ગરદન પાછળ ફેરવીને પૂછ્યું. પાછળ બેઠેલા બહેને ભ્રુકુતિ તાણી. સ્મૃતિને ઢંઢોળવાના પ્રયત્નોમાં આંખો ઝીણી થઈ પણ કંઈ યાદ આવ્યું નહીં. માથું ડાબે-જમણે ઘુમાવતાં કહ્યું, "ના, કંઈ યાદ આવતું નથી. કદાચ એવું બન્યું હોય કે અગાઉ કયારેક તારી રીક્ષામાં બેઠી હોઉં !" જવાબ સાચો હતો. સાચો એ રીતે કે એકાદ વર્ષ પહેલા આ બહેન એકવાર આ જ રીક્ષામાં બેઠાં હતાં પણ કેવળ એ જ કારણે કોઈ રીક્ષાચાલક મુસાફરને એવો પ્રશ્ન તો ન પૂછે કે મને ઓળખ્યો બેન? આજકાલ આવી ફૂરસદ પણ કોને છે? પાછળ બેઠેલાં બહેનનો આ તર્ક પણ સાચો હતો ! જવાબ આપવાનો વારો હવે રીક્ષાચાલકનો હતો. સડસડાટ દોડતી રીક્ષાનો ચાલક એકાદ વર્ષ પહેલાં બનેલી ઘટનાને યાદ કરીને ભૂતકાળમાં સરી પડ્યો. એ નાનો હતો ત્યારથી જ બીજી પીવાની કુટેવ પડેલી. યુવાન વયે જયારે જ્ઞાન લાધ્યું કે ધ્રૂમપાન સ્વાસ્થ્ય માટે હાનિકારક છે ત્યારે એ ખૂબ દૂર નીકળી ગયો હતો. બીડી છૂટવાની વાત તો દૂર, બીડી પીધા વિના જીવી શકાય તેવું પણ નહોતું. બીડી તેનો પ્રાણ બની ગઈ હતી. વડીલોની સમજાવટ, ધ્રૂમપાન છોડાવવાની દવાઓ કે વ્યસનમુક્તિના કેમ્પો તેની કુટેવ ન છોડાવી શક્યા. સમય જતાં ધ્રૂમપાનની માઠી અસર શરીર પર પણ દેખાવાં માંડી. ખોં ખોં ચાલુ થયું. એકાદ વર્ષ પહેલાં એક સાંજે પથિકાશ્રમથી સેકટર-૩૦ જવાની સવારી મળી. સારા ઘરનાં એક બહેન હતા. સવારીને રીક્ષામાં બેસાડીને એણે ટેવ મુજબ બીડી સળગાવી. બીડીનો ઊંડો કશ ખેંચીને રીક્ષા ચાલુ કરી ત્યારે એને ખ્યાલ નહોતો કે આ તેના જીવનની આખરી બીડી હશે !! અચાનક પાછળ બેઠેલા બહેનનો હાથ તેના ખભે મૂકાયો. એ ચમક્યો. સ્પર્શમાં માની મમતાનો અણસાર ઓળખાય તેમ હતો! પોતાના દીકરા સાથે જાણએ વાત કરતાં હોય તેમ આ બહેને લાગ્યું પૂછ્યું કે ભાઈ, તારે બાળકો છે? એણે કહ્યું, "હા, એક દીકરો છે બે વર્ષનો." "તને એ કેટલો વહાલો?" સંવાદના શબ્દે શબ્દે જાણે વાત્સલ્ય ટપકતું હતું. એક અભણ રીક્ષાચાલક બાપબેટા વચ્ચેની ચાહતનું શબ્દોમાં વર્ણન તો ન કરી શક્યો પણ ચહેરના ભાવ ચાડી ખાઈ ગયા કે મારો દીકરો મને પ્રાણથીય પ્યારો ! "તારા આ વ્યનસથી તું તારા બાળકને નુકશાન કરી રહ્યો છે તેનું ભાન છે તને ?" મા જાણે પંડના દીકરાનો ઉધડો લઈ રહી હતી ! "એક તો તું કાયમનો બિમાર, ઘરે જઈ તું તારા દીકરાને તેડીશ, ખોળામાં લઈ વહાલ કહીશ, પ્રેમથી ચૂમીશ, તારા મોં સાથે તારા દીકરાનું મોં ઘસીશ ત્યારે તારો ચેપ તારા બાળકને નહીં લાગે ? એમાં વળી આ બીડીના ધૂમાડાથી ગંધાતું તારૂં મોં તારા બાળકના મોં સાથે ચાંપશે ત્યારે તારા શરીરનું કેટલું ઝેર તારા વહાલસોયાના ફેફસાંમાં ઠલવાશે તેની તને ખબર છે ? તું તો મરીશ, તારા બાળકને પણ મારીશ ?" મુશળધાર ઝીંકાતા મેઘપેઠે ઠપકાની તડામાર ધારાઓએ એને લગભગ નિરૂત્તર બનાવી દીધો! દલીલનો અવકાશ નહોતો. સામે માની મમતા હતી! તેનું મન ચકરાવે ચઢ્યું. અંતરાત્માના અવાજને સાંભળવાની એ ઘડી હતી. "શું મારા દીકરાને દુઃખી કરાનો મને અધિકાર છે ?" એ પોતાની જાતને પૂછી રહ્યો. જવાબ હતો, હરગીઝ નહીં! થોડી મિનિટોથી કસ ફેંચ્યા વિનાની બે હોઠ વચ્ચે લટકી પડેલી બીડી લગભગ ઠરી જવા આવી હતી. પણ હવે તેને ફરીથી સળગાવવા માટે બાક્સની જરૂર રહી નહોતી. મનોમન નિશ્ચય થઈ ચૂક્યો હતો, ધૂમ્રપાનને તિલાંજલિ દેવાનો ! અર્ધી બળેલી બીડી અને ખિસ્સામાં બીડીબાક્સ ચાલુ રીક્ષાએ તોડીફોડીને બહાર ફેંકી દીધાં અને એ બહેનને વચન દીધું. કહ્યું, "લો, આ ઘડીથી જ આપણી બીડી બંધ !" એકાદ વર્ષ પહેલાં બનેલી આ ઘટના રીક્ષાચાલકે બહેનને શબ્દશઃ કહી સંભળાવી. એ સમયે આપેલા વચનને ફરીથી યાદ કરતાં એણે કહ્યું કે બહેન વરસ, થવા આવ્યું, તે દિ પછી મેં કોઈ બીડી પીધી નથી.!

હરેડ બંધાણીને પોતાની આગવી સૂઝ- સમજણના સહારે હંમેશ માટે બીડી પીતાં બંધ કરી દેવાની શિખામણ (કે ઠપકો!) આપનાર આ બહેન નશાબંધી મંડળ કે વ્યસનમુક્તિ અભિયાન ચલાવતી સંસ્થાના હોદ્દેદાર નથી. એ તો છે વ્યસનમુક્તિની હરતી ફરતી પ્રયોગશાળા ! નાં છે એનું સુધાબહેન ધનેશા ! નિકોટિન કઈ બલા છે અને પેસીવ સ્મોકિંગ શાથી વધુ નુકશાનકારક છે તે જાણવાની તેમને કોઈ જરૂર લાગતી નથી. કેવળ આત્મવિશ્વાસની શોધેલી પોતાની આગવી થીયરીના સહારે તક મળી ત્યારે તેમણે આજસુધીમાં હજારો માણસોના દારૂ, પાન, બીડી-સિગારેટ અને ગુટકાનાં વ્યસનો છોડાવ્યાં છે. ધાર્મિક સંસ્થાઓ, જાહેર સ્થળો, સરકારી સંસ્થાનો કે તેના પરિસરમાં ધૂમ્રપાન મનાઈ છે એવા ફકત બોર્ડ જ લગાડવામાં આવે છે પણ સુધાબહેનના ઘરમાં તો ધૂમ્રપાન કરનારા, ગુટકા કે તમાકુ ખાનારા કે મદ્યપાન કરનારા પ્રવેશી જ શકતાં નથી ! જાહેર સ્થળોએ કરતાં ધૂમ્રપાન કે ચવાતાં ગુટકાની સુધાબહેનને પહેલેથી જ ચીડ હતી. ધીરે ધીરે આ ચીડ ચાનકનું સ્વરૂપ ધારણ કરતી ગઈ. આ ચાનક એટલે બીજાનું વ્યસન છોડાવવાની ચાનક ! તેમની વ્યસન છોડાવવાની આ થીયરી એક અદ્વિતીય માનવીય અભિગમનું ઉત્તમ ઉદાહરણ છે! તેમને દ્રઢ વિશ્વાસ છે કે તેમની સલાહ પછી એકવાર છોડી દીધેલા વ્યસનો કોઈ ફરીથી ચાલુ કરી શક્યું નથી ! સુધાબહેનના પ્રેમાળ ઠપકાની આ થીયરી અને તેના પરિણામનો જીવતોજાતો દાખલો એ રિક્ષાવાળો છે અને આવા અનેક દાખલાઓ સુધાબહેન પાસેથી આપણને સાંભળવા મળી શકે તેમ છે. વ્યસનમુક્તિ અંગે પ્રયોગશીલ નારીની આ અનોખી થીયરી ખરેખર આશ્ચર્ય સાથે આનંદ ઉપજાવનારી છે.

સુધાબહેને જીવનનો આઠમો દાયકો આર્ધો વટાવી દીધો છે. ૭૬ના થયાં છે. ઉંમરની પકવતા અને સ્વભાવની અલ્લડતાનો નિર્દોષ સંગમ એ આ નારીની વિશેષતા છે. તેમનું દિલ આયના જેવું નિર્મળ છે. બાળીભોળી બોલીથી તેઓ સૌ કોઈનો પ્રેમ જીતી શકયાં છે. વય સહજ સ્થૂળતાને બાદ કરતાં શરીરમાં ૭૬ની વયે ૨૬નો તરવરાટ છે, હોઠો પર સતત સ્મિત રમે છે, દિલમાં ઉમંગ રહે છે, કરચલીયુકત હાથના ટેરવે અવનવી કળાઓ વસે છે. હંમેશા કંઈક નવું નવું કરવાની ધગશ, શીખવાની અને શીખવાડવાની તાલાવેલીને કારણે સુધાબહેન એક આમ ગૃહિણીથી ઠીક ઠીક નોંધા પડી શકયાં છે ! જો કે તેઓ ઝાઝું ભણ્યાં નથી પણ જીવનનું